**ઃ-આંક-૧ લગત હુકમઃ-**

તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે તપાસ પૂણ કરી. અત્રેની અદાલતમાં ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૧૭૩ અન્વયે રિપોર્ટ રજુ કરેલ. જેના અનુસંધાને આરોપીની ગેરહાજરીનાં કારણે કામ સદર કામ ક્રિમિનલ મેન્યુઅલનાં પેરા-૨૧૧ અન્વયે ડોરમેન્ટ રજિસ્ટરે મુકવામાં આવેલ અને ડોરમેન્ટ રજિસ્ટરે મુક્યા બાદ પણ આરોપી મળી આવેલ ન હતા. જેના અનુસંધાને સદર ફોજદારી કેસ પરત ખેંચવા પરત ખેંચવા માટે અત્રેની અદાલત માથી પત્ર લખવમાં આવેલ. જેમાં એ.પી.પી.શ્રી કે.વી. ઉપાધ્યાય દ્વારા સદર ફોજદારી કેસ, જે ડોરમેન્ટ રજિસ્ટરે મુકવામાં આવેલ છે, તે પરત ખેંચવા પાત્ર છે. તે મુજબની ભલામણ કરવામાં આવેલ. ત્યારબાદ મહે.જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદનાઓ દ્વારા ડીસી/સીટીઝેડ/મેટ્રો કોર્ટ/લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત//૨૦૧૯, તારીખ ૦૪/૦૭/૨૦૧૯ ના હુકમ અન્વયે પરત ખેંચવા મંજૂરી આપેલ. જે મંજૂરીનાં અનુસંધાને એ.પી.પી.શ્રી દ્વારા અત્રેની અદાલતમાં અલાયદા પુરસીસ થી સદર ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી માંગેલ. જે અન્વયે એ.પી.પી.શ્રીને ફોજદારી કેસ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવેલ, જે પરવાનગી અન્વયે એ.પી.પી.શ્રી દ્વારા અલગ પુરસીસ રજુ કરી, સદર કેસ પરત ખેંચવાની જાહેરાત કરવામાં આવેલ. જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**ઃ- હુકમઃઃ-**

(૧) એ.પી.પી.શ્રી દ્વારા રજુ કરવામાં આવેલ પુરસીસ અન્વયે સદર ફોજદારી કેસ એ.પી.પી.શ્રી દ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૨૧ અન્વયે પરત ખેંચવામાં આવતો હોઈ, જે અન્વયે સદર ફોજદારી કેસ બંધ કરવમાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ કાયમ કરવામાં આવે છે તેમજ તે સીવાયનો નોન-વેલ્યુએબલ મુદ્દામાલ વાહન કે પાસપોર્ટ સિવાય હોય, તો તે યોગ્ય સમય-મર્યાદા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, મારી સહી કરી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૧૩/૭/૧૯.**
**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

-